# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

**CIN: U40102GJ2003SGC042908;**

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : **forum.pgvcl@gebmail.com**; વેબસાઈટ : **www.pgvcl.com**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૫/ક્વા-૦૪/૨૦૨૨-૨૩/ ૧૨૧૦-૪ **તારીખ : ૧૩ - ૦૩ - ૨૦૨૩**

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
શ્રી કિશોરભાઈ મોહનભાઈ ખલેશીયા
જુનો વણકર વાસ, નવાગઢ ,
મું. પો. : નવાગઢ , તા. : જેતપુર, જી. : રાજકોટ ,
પીન કોડ. : ૩૬૦૩૭૫
મોબાઈલ : ૯૧૦૬૧૧૧૩૫૯

વિષય : ઘર વપરાશનું વીજબીલ વધુ આવવાથી વીજજોડાણ ડીસકનેક્ટ થવા અંગે .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૨-૦૨-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૫/ક્વા-૦૪/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, જેતપુર.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, નવાગઢ રાજકોટ ગ્રામ્ય.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૫/ક્વા-૪/૨૨-૨૩/૧૨૧૦-૫ તા. ૧૩-૦૩-૨૦૨૩

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૧૫/ક્વા-૪/૨૨-૨૩, તા.૨૩-૦૨-૨૦૨૩

અરજદાર :શ્રી કિશોરભાઈ મોહનભાઈ ખલેશીયા, ગામ: નવાગઢ

રજૂઆત કરનાર :અરજદાર ગેરહાજર છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – જેતપુર

રજૂઆત કરનાર : શ્રી એ.પી.ઉકાણી નાયબ ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી જેતપુર હાજર રહેલ છે.

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૦૪.૦૩.૨૦૨૩ (શનિવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૪.૦૩.૨૦૨૩ (શનિવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર / ગેરહાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી કિશોરભાઈ મોહનભાઈ ખલેશીયા તેમના પિતાશ્રી સ્વ.મોહનભાઈ લાખાભાઈ ખલેશીયાના નામથી ગ્રાહક નં. ૮૯૧૦૫/૦૭૨૮૧/૬ થી ૦.૫ કિ.વો.નુ વીજજોડાણ ધરાવે છે. તેઓને માહે મે-જુન ૨૦૨૨ નું વીજબીલ રૂ.૬૬૯૪૦=૦૦ આવેલ છે, જે ભરપાઈ કરી શકાય તેમ ન હોવાથી પીજીવીસીએલ દ્વારા મીટર ઉતારેલ છે. સદર મીટર તા.૨૪.૦૭.૨૦૨૨ લેબ રીપોર્ટમા મીટર "બરાબર" બતાવે છે, તેઓએ તમામ વીજબીલ ભરપાઈ કરેલ છે પરંતુ મે-જુનનુ બીલ ભરપાઈ કરી શકે તેમ ન હોવાથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ ફરિયાદી અરજદારનાં વીજજોડાણનું લેંઝર ઉપરોક્ત સવાલવાળું મીટર તા.17.01.2011 થી બદલવામાં આવેલ. સદર મીટરનો વપરાશ ચકાસતાં નીચે મુજબ સ્થિતિ માલૂમ પડેલ છે.

| Billing Period | Consumption | Meter Status | Billing Period | Consumption | Meter Status |
|---|---|---|---|---|---|
| Jan-feb-11 | 170 | C | Jan-Feb-17 | 100 | |
| Mar-Apr-11 | 120 | | Mar-Apr-17 | 210 | L |
| May-Jun-11 | 130 | L | May-Jun-17 | 210 | L |
| Jul-Aug-11 | 130 | L | Jul-Aug-17 | 800 | |
| Sep-Oct-11 | 100 | | Sep-Oct-17 | 150 | |
| Nov-Dec-11 | 100 | L | Nov-Dec-17 | 200 | |
| Jan-Feb-12 | 669 | | Jan-Feb-18 | 190 | |
| Mar-Apr-12 | 101 | | Mar-Apr-18 | 200 | |
| May-Jun-12 | 106 | | May-Jun-18 | 200 | |
| Jul-Aug-12 | 101 | | Jul-Aug-18 | 210 | |
| Sep-Oct-12 | 122 | | Sep-Oct-18 | 200 | |
| Nov-Dec-12 | 90 | | Nov-Dec-18 | 200 | |
| Jan-Feb-13 | 119 | | Jan-Feb-19 | 200 | |
| Mar-Apr-13 | 107 | | Mar-Apr-19 | 210 | |
| May-Jun-13 | 121 | | May-Jun-19 | 200 | |
| Jul-Aug-13 | 130 | | Jul-Aug-19 | 250 | |
| Sep-Oct-13 | 120 | | Sep-Oct-19 | 200 | |
| Nov-Dec-13 | 100 | | Nov-Dec-19 | 230 | |
| Jan-Feb-14 | 100 | | Jan-Feb-20 | 220 | |
| Mar-Apr-14 | 110 | | Mar-Apr-20 | 220 | |
| May-Jun-14 | 140 | | May-Jun-20 | 600 | |
| Jul-Aug-14 | 130 | | Jul-Aug-20 | 200 | |
| Sep-Oct-14 | 140 | | Sep-Oct-20 | 246 | |
| Nov-Dec-14 | 150 | | Nov-Dec-20 | 190 | |
| Jan-Feb-15 | 130 | | Jan-Feb-21 | 200 | |
| Mar-Apr-15 | 130 | | Mar-Apr-21 | 213 | |
| May-Jun-15 | 150 | | May-Jun-21 | 230 | |
| Jul-Aug-15 | 145 | | Jul-Aug-21 | 260 | |
| Sep-Oct-15 | 150 | | Sep-Oct-21 | 250 | |
| Nov-Dec-15 | 80 | | Nov-Dec-21 | 210 | |
| Jan-Feb-16 | 100 | | Jan-Feb-22 | 200 | |
| Mar-Apr-16 | 150 | | Mar-Apr-22 | 220 | L |
| May-Jun-16 | 150 | | **May-Jun-22** | **7237** | |
| Jul-Aug-16 | 160 | | Jul-Aug-22 | 345 | C |
| Sep-Oct-16 | 420 | | Sep-Oct-22 | 536 | |
| Nov-Dec-16 | 110 | | Nov-Dec-22 | 219 | |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

ઉપર દર્શાવ્યા મુજબ અરજદારના સવાલવાળા મીટરમાં વીજવપરાશ નોંધાયેલ છે. માહે મે-જૂન બિલ્ડ ઇન જુલાઇ-2022 માં મીટરરીડર દ્વારા 21690 રીડિંગ નોંધવામાં આવેલ, જેથી અરજદારને 7237 યુનિટન વીજવપરાશનું રૂ.60127.78 નું બિલ આપવામાં આવેલ. તા.22.07.2022 નાં રોજ ગ્રાહકે મીટર બદલવા માટેની અરજી આપેલ, જેનાં આધારે તા.24.07.2022 નાં રોજ સદર મીટર બદલવામાં આવેલ, જે લેબ ચકાસણી અહેવાલ મુજબ રીડિંગ – 21750.3 **KWH** તેમજ મીટર બરાબર માલૂમ પડેલ છે. આમ, અરજદારને અપાયેલ સવાલવાળું બિલ યોગ્ય હોય ભરવાપાત્ર છે. તેમછતાં, ગ્રાહકની આર્થિક પરિસ્થિતીને ધ્યાનમાં લેત પેટાવિભાગીય કચેરી દ્વારા ઉપરોક્ત રકમ ગ્રાહકને માસિક રૂ.5000/- (પાંચ હજાર) ચાલુ બિલ સાથેનાં હપ્તેથ ભરવા માટે સગવડ કરી આપેલ છે. જેમાંથી ૦૧ હપ્તો તા.28.02.2023 નાં રોજ રસીદનંબર **TL333181** થ

રૂ.5000/- ભરપાઈ કરવામાં આવેલ છે. જેથી, ગ્રાહક ઉપરોક્ત રકમ હપ્તેથી ભરવા સહમત **હોય, ફરિયાદી**ની લેખિત રજૂઆત તા.૨૩.૦૨.૨૦૨૩ મુજબ ફરિયાદ દફતરે કરવા વિનંતી કરેલ છે.

:: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી કિશોરભાઈ મોહનભાઈ ખલેશીયાની લેખિત ફરિયાદ મુજબ તેઓ તેમના પિતાશ્રી સ્વ.મોહનભાઈ લાખાભાઈ ખલેશીયાના નામથી ગ્રાહક નં. ૮૯૧૦૫/૦૭૨૮૧/૬ થી ૦.૫ કિ.વો.નુ વીજજોડાણ ધરાવે છે. પીજીવીસીએલ દ્વારા સદર વીજજોડાણ અંતર્ગત માહે મે-જુન-૨૦૨૨ નું વીજબીલ રૂ.૬૬૯૪૦=૦૦ આવેલ છે. વધુમાં પીજીવીસીએલ દ્વારા અપાયેલ દરેક વીજબીલ રેગ્યુલર ભરપાઈ કરી આપેલ છે.

૪.૨ ઉપરોક્ત ફરિયાદ અન્વયે પીજીવીસીએલ દ્વારા સદર મીટર તા.૨૪.૦૭.૨૦૨૨ ના રોજ ઉતારવામાં આવેલ ત્યારે મીટરના હાલના રીડીંગ ૨૧૭૫૦.૩ અને સદર મીટરમાં લેબ ચકાસણી અહેવાલ તા.૦૬.૦૯.૨૦૨૨ મુજબ મીટર “બરાબર” બતાવે છે, અને હાલના રીડીંગ ૨૧૭૫૦.૩ યુનીટ નોંધાયેલ છે. આમ, પીજીવીસીએલ દ્વારા વીજબીલ માહે મે-જુન-૨૦૨૨ નું ૭૨૩૭ યુનીટ નું રૂ.૬૦૧૨૭=૭૦ નું અપાયેલ જે અરજદાર દ્વારા કરાયેલ વીજવપરાશનું બીલ હોય ભરપાઈ કરવાને પાત્ર છે, જે બાબત અરજદારને વિગતવાર સમજાવતા તેમજ વીજબીલની રકમ એકી સાથે ભરપાઈ કરી શકે તેમ ન હોવાથી પીજીવીસીએલ દ્વારા માસિક રૂ.૫૦૦૦/- ચાલુ બીલ સાથે હપ્તેથી ભરપાઈ કરવાની સગવડ કરી આપતા અરજદારે તા.૨૩.૦૨.૨૦૨૩ની લેખિત રજૂઆત મુજબ સદર ફરિયાદ દફતરે કરવા વિનંતી કરેલ છે.

૪.૩ ઉપરોક્ત મુદ્દા નં ૪.૨ મુજબ ફરિયાદી પક્ષકાર અને સામેવાળા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ફરિયાદનું નિરાકરણ થયેલ હોવાથી, સદર કેસમાં ફોરમ દ્વારા કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

Joshi Nitin H.

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન